International Journal of Research in all Subjects in Multi Languages (National Conf. On 21st Century: Changing Trends in the Role of Women-Impact on Various Fields) | Vol. 6, Sp. Issue: 3, March: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

# ૨૧મી સદીમાં નારીનું સ્થાન

કેકા રમેશચન્દ્ર ભટ્ટ
વિઝિટીંગ પ્રોફેસર – દયાપર, પી.એચ.ડી - સ્ટુડન્ટ (સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ)

**સાર :-**

*ગતિ, પ્રગતિ અને સ્થિતિની પરસ્પર વિરોધાભાસી દ્રષ્ટિએ ૨૧મી સદી ઘણી રીતે જુદી પણ પડે છે. તો કેટલીક બાબતોમાં હજુ ત્યાં ને ત્યાં હોઇએ એવું પણ માત્ર ચિત્ર જ નહિ, હકીકત પણ જોવા મળે છે. છતાં સમ ખાવાથી આગળ વધીને નારી બોલતી, લખતી, વિચારતી, ખખડાવતી, હસતી થઇ છે. કમનસીબે રાજા રામમોહનરાયથી માંડીને ઇલાબેન ભટ્ટ સુધી કે કુટ્ટીલક્ષ્મી સુધી ધર્મ-જાતિનો એરુ હજી આભડતો જ રહ્યો છે. 'પદ્માવતી'નો બંડખોર વિરોધ કાં તો દબાઇ ગયો છે કે 'દબાવી' દેવામાં આવ્યો છે. 'મણિકર્ણિકા' દરવાજે ટકોરા મારે છે. ત્યારે એક નારી તરીકે કહેવા બેસું તો ભગવાન મનુને કોણે ઇજારો આપ્યો કે*

*" ઢોલ ,ઢોર શુદ્ર અરુ નારી,*
*યે સબ તાડન કે અધિકારી." (તુલસીદાસ)*

*તો એક – ચંદા કોચર, ઇન્દ્રા નુયી, ઐશ્વર્યા બચ્ચન, અરુંધતી રોય, શ્રેયા ઘોષાલ, બરખા દત્ત, એકતા કપૂર, કિરણ બેદી, આનંદીબેન પટેલ, સાનિયા મિરઝા, સ્મૃતિ ઇરાની, નીતા અંબાણી તેમજ હજીયે કેટલાક અવાજો જેને નારીના અવાજો કહી શકાય એ પણ છે; પરંતુ ખુદ નારીને ઢંઢોળી દે એવી પ્રતીતિ એ છે કે નારી બોલતી હતી, બોલતાં બોલતાં બહાર નીકળતી હતી, ત્યારે આંગણામાં તેનો અવાજ કહેવાતા ઘુંઘટમાં ગુંગળાઇને જૌહર સુધી બહાર નીકળતો. હવે નારીને સમજવા, સાંભળવા, નબળી પાડવા, પડકારવા કે જીવતી સળગાવી નાખવા (!) એકાદ નર, નારી કે કોઇક બોલતી સ્ત્રી તેના પડખે છે. એક કાજલ ઓઝા બોલે છે, એક ઋતંભરા બોલે છે, એક સુષ્મા સ્વરાજ બોલે છે, એક સીતા રમણ કેન્દ્રીય સુરક્ષા મંત્રી બોલે છે, તાળીઓ પડે છે, કોઇક જાગી જાય છે; પણ વક્તાને ફાળે પડેલી તાળીઓ પછીનો સૂનો કોલાહલ ઘેરી વળે છે. હા.. નારીનું સ્થાન ઊંચું અવશ્ય આવ્યું છે, પણ ઊંચાઇનો એ તખ્ત નારીએ પોતાનાં લોહીથી, સંકોચેલી લાગણીઓથી, તરફડતી તમન્નાઓથી અને ખંજરથીયે ધારદાર કલમથી સર્જ્યો છે. એટલે સમજી શકાય કે 'સાત પગલા આકાશમાં' ની નારી આજે લોક-સભાનું સંચાલન કરે છે, ઇન્ટરનેશનલ બેંકોનું સંચાલન કરે છે. કહેવાની જરૂર નથી કે કોઇપણ વિદ્યાશાખાના પરિણામોની મેરીટ યાદીમાં ૧૦ માંથી ૭ દીકરી હોય છે. એટલે કે નારી હોય છે. પરંતુ હજીયે 'ખાપ' પંચાયતમાં કે નોર્થ ઇસ્ટ રાજ્યોમાં આજે પણ સબળા છતાં અબળાને ડાકણ સમજીને તેને પૂછ્યા વિનાય મારી નાખવામાં આવે છે, પણ આંખ ઠારે એવું ચિત્ર એ પણ છે કે કોલેજ, કોર્પોરેટ આર્મી, પાયલોટ કે કાળી મજુરી કરતી નારીની કર્મની ટકાવારી ફરજની દ્રષ્ટિએ ૬૦ % થી ઉપર છે.*

*૨૧ મી સદીમાં નારીએ એનો ટહુકો ગળામાંથી ઘટા સુધી વહેતો મૂક્યો છે. કોઇ એકલી અટુલી નારી એની મોંઘીદાટ કારમાં ઘરે આવી-જઇ શકે છે. કોઇ પુરુષની સહાયની તેને જરૂર નથી. 'સ્વયંસિદ્ધા સક્ષમ શક્તિશાળી છે.' એવી પોતાની ઓળખ એણે ઊભી કરી લીધી છે. ગળથૂથીમાં મળેલ દીકરી તરીકેની વિવશતાને એણે શક્તિમાં પરિવર્તિત કરી છે, કરી રહી છે, કરતી રહેશે.*

**સંદર્ભ:**- 'તંત્રી લેખ' ભાગ-૨ લેખક:- દીપક માંકડ(તા.૧૩-૨-૧૮, કચ્છમિત્ર),

મારા અંગત સ્ત્રોતો,

ઇન્ટરનેટ.

**૨૧મી સદીમાં નારીનું સ્થાન** :-

નારીશક્તિ વિના આ સંસારમાં મનુષ્ય કંઇ પણ કરી શકતો નથી. કેમ કે નારીશક્તિ જીવનના એન્જીન સમાન છે. 'નારીએ નર નિપજ્યા તેથી અબળા નહિ પણ સબળા.' ધરતી પર સૌથી પહેલાં નારીશક્તિના રૂપમાં માઁ દુર્ગા ભવાનીનું અવતરણ થયું છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉત્પતિ થઇ. બ્રહ્માજીએ સૃષ્ટિની રચનાની શરૂઆત કરી. સર્જક સ્વરૂપા(બ્રહ્મા), પોષણ કરનારી(વિષ્ણુ) અને વિસર્જન કરનારી(શિવ) એટલે કે જીવનશક્તિના જ ત્રણ નામ છે. નારી પરિપૂર્ણા છે એમાં બે મત નથી. વૈદિક વાડમય અને ઇતિહાસ નારીની સ્તુતિ કરે છે.

**'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા:'**

કહેવાની જરૂર નથી કે ત્રેતા યુગમાં દેવાસુર સંગ્રામમાં રાજા દશરથનો જીવ બચાવનાર નારી કૈકેયી હતી. આજની કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ્સ અંતરિક્ષ સુધી પહોંચી શકી છે. તેમ છતાં વિકાસની મુખ્ય ધારામાં પૂર્ણરૂપથી નારીને સામેલ કરવા માટે ઉદાસીનતા પ્રવર્તે છે એની ના કોણ કહેશે? હા... નારી ઉત્થાનના આરંભ તરીકે પહેલી કન્યાશાળા શરૂ કરવામાં આવી અને વિનોદિની નીલકંઠ પ્રથમ સ્નાતક થયાં. ડેટાબેઝ કહે છે કે આજે IAS, IPS, IRS, IFS, CA વગેરેમાં નારીએ કાઠું કાઢ્યું છે એનો યશ તેમનાં પિતૃપરિવારને વિશેષ જાય છે. આજે તો નારી ફોજમાં દાખલ થઇ રહી છે ત્યારે એ વાતનો છેદ ઉડી જાય છે કે પુરૂષના મુકાબલે નારી શારીરિક દ્રષ્ટિએ ઓછી શક્તિશાળી છે. તેની કમજોરી તો સ્ત્રીનું સંવેદનશીલ હ્રદય છે એટલે પ્રત્યક્ષ હુમલામાં કે મારામારીમાં થોડીક નબળી પડે છે.

બીજી બાજુ સરકાર તરફથી નારી ઉત્થાનની દિશામાં પહેલ કરીને વિવિધ કાર્યક્ષેત્રો જેવાં કે શિક્ષણ, આરોગ્ય, તકનિકી, વેપાર વાણિજ્ય વગેરે સર કરતી રહી છે. એટલું જ નહિ, પુરૂષના મુકાબલે તેનો CR (કેરેક્ટર રિપોર્ટ) ઉચ્ચ કક્ષાનો આવે છે. હવે તો નારી નાઇટ ડ્યુટીમાં પણ અડીખમ છે, છતાં સમાજના કહેવાતા જાડી ચામડીના આગેવાનો તેને 'ભોગ્યા' માને છે. દહેજ તેમજ ત્રણ તલાક જેવી પરંપરાઓ તેનાં ઉત્થાનમાં બાધાઓ ઉભી કરે છે. પરંતુ મુખ્ય કારણ પુરૂષપ્રધાન સમાજની ખોરી દાનત છે એમ કહી શકાય.

૨૧ મી સદી નારીની સદી છે એવો ઢોલ આખી દુનિયામાં પીટવામાં આવે છે છતાં દર કલાકે એક નિર્ભયા પીંખાય છે, એક સુકન્યા સતી બને છે, એક લાડલીનો પતિ ત્યાગ કરે છે, એક વધુ – વહુ ભરણપોષણનો કેસ જીતવા કોર્ટના ધક્કા ખાય છે, એક ભણેલી ગણેલી નારી અમુક ચોક્કસ કોમની હોવાથી પરીક્ષામાં સારા ગુણ મેળવવા છતાં નોકરીથી વંચિત રહે છે. જો 'અનાથ મહિલા આશ્રમ' છે તો 'અનાથ પુરૂષ આશ્રમ' કેમ નથી ? એટલે જ નારીએ પોતાનો રસ્તો પોતે કરવો પડ્યો છે. શિક્ષણ મફત અને ફરજીયાત છે, પણ સુરક્ષા અને સન્માન નારી માંગે છે તોયે ક્યાં મળે છે ? નારીએ શા માટે કોઇ પણ સ્વરૂપે પુરૂષ પર આધારિત રહેવું પડે છે ? એ સાચા અર્થમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ ક્યારે બનશે ? એક મલાલા યુસુફને તાલિબાનોનો ડર લાગતો નથી પણ કેટલી મલાલાઓ હજી મૂંગી છે ?

આધુનિક નારીએ શક્તિશાળી બનવાની તમન્નામાં વસ્તુત: નારીના અબાધિત અધિકારમાં તેની જાન રેડી દીધી છે જેને કારણે અંશત: પરિવર્તન આવ્યું છે. સૌભાગ્યના સોળ શણગારનો નારીએ સ્વીકાર- સત્કાર કરીને થોડો-ઘણો ત્યાગ કર્યો છે. ઘર, ઘૂંઘટ અને ઘરચોળાંની કેદમાંથી નારી નામનું બુલબુલ મુક્ત થવા છતાં સ્વચ્છંદ નથી બન્યું. દરરોજ ટ્રેનમાં જતી-આવતી નારીઓની હિંમત – તાકાત જોઇને પુરૂષો મોંમાં આંગળાં નાખી દે છે. ચુલો કે ચોકીમાં શ્વસતી નારી આજે ICICI કે ICC માં પ્રમુખ પણ છે. નારીએ પુરૂષ જેવો વેશ પણ ધારણ કર્યો છે. ઘોડેસવારી, રાઇફલ શૂટિંગ, યુદ્ધકળામાં પ્રવિણ હોય એવાં ઉદાહરણો ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ કે પન્ના ધાય જેવા ઘણાંય મળશે. આપણા ઇતિહાસ પાસે તેનાં સેંકડો દ્રષ્ટાંતો છે.

અરે ! ઇતિહાસ પાસે જ શા માટે ! દર વરસે અપાતા પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, મેગ્સેસે, બૂકર કે નોબેલ પારિતોષિકોની યાદી જુઓને . . . ! આજે ઇન્ટરનેટનો યુગ છે. જેમાં માસ મીડિયા બહુ જ મોટું શક્તિશાળી માધ્યમ છે. જે સ-તસવીર સમાચારો આપ્યા કરે છે. એમાં રિપોર્ટર તરીકે ૮૦% નારીઓ છે. ડિસ્કવરી અને નેશનલ જ્યોગ્રાફીમાં બેકગ્રાઉન્ડ નેરેશનની જગ્યાએ એટલે કે પાર્શ્વ જવનિકા સંવાદમાં નારી રિપોર્ટર તરીકે હોય છે તેમજ નેશનલ કે ઇન્ટરનેશનલ ઇવેન્ટસમાં પણ ગઇ કાલની તુલનાએ આજે નારીની દબદબાપૂર્ણ સક્રિય ઉપસ્થિતિ આંખ ઠારે છે.

જ્યારે પુરૂષોને નારીની જરૂર પડી, ત્યારે તેઓએ આગ લાગી ત્યારે કુવો ખોદ્યો. કન્યાઓની ઘટતી જતી સંખ્યાને કારણે લગ્નસંસ્થા તૂટી રહી છે. દરેક સમાજમાં દીકરીઓ ઓછી છે ત્યારે જાણે આકાશમાંથી એક પરી હાથમાં ‘બેટી બચાવો, બેટી પઢાઓ’ લઇને ઊતરી પડી. તો હું અવશ્યપણે માનું છું કે દીકરીના જન્મ પૂર્વે કે જન્મ પછી તેના પર અત્યાચાર કરવામાં આવતા હતા કે આવે છે એનો ઇજારો પુરૂષને કોણે આપ્યો ? દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ ક્યાંથી આવ્યો ? પ્રેમલગ્ન, લિવ ઇન રિલેશનશીપને બાદ કરતાં ઘરના વડીલો કે ગોર મહારાજ કન્યા શોધી લાવતા એનો તો જાણે એકડો નીકળી ગયો છે. હવે એકાએક દીકરીની મહત્તા સમજાઇ રહી છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ડેટાનો તાજો અહેવાલ જણાવે છે તે મુજબ સમાજમાં ૧૫ થી ૪૯ વર્ષની વયજુથની ૭૯% મહિલાઓ અને ૧૫ થી ૫૪ વર્ષના વયજુથના ૭૮% પુરૂષો કુટુંબમાં ઓછામાં ઓછી એક દીકરી હોવી જોઇએ એવો આગ્રહ કરી રહ્યા છે. ૨૦૦૫-૦૬ માં કરવામાં આવેલા સર્વેમાં ૭૪% મહિલા અને ૬૫% પુરૂષોને જ કુટુંબમાં એક બેટીની આવશ્યકતા જણાઇ હતી. આના પરથી સ્પષ્ટ થાય છે કે સમયાંતરે દીકરીઓ પ્રતિ જોવાના સમાજના અભિગમમાં પરિવર્તન આવ્યું છે. ગ્રામીણ વિસ્તારની ૮૧% અને શહેરી વિસ્તારની ૭૫% મહિલાઓ બેટી ઇચ્છે છે. આ સદીના વિશ્વવિભૂતિ આપણા વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્ર મોદીના ‘બેટી બચાવો, બેટી પઢાઓ’ કાર્યક્રમની શરૂઆત થઇ, ત્યારે ઘણાએ તેની સફળતા વિશે પ્રશ્નો કર્યા હતા, પરંતુ સમયાંતરે આ અભિયાન સફળ થઇ રહ્યું છે. અનેક રાજ્ય સરકારોએ એવી પંચાયતોને સન્માનિત કરવાનો નિર્ણય લીધો હતો કે જ્યાં છોકરાઓની સરખામણીમાં છોકરીઓનો રેશિઓ બહેતર છે. પ્રસવ પૂર્વે લિંગ પરીક્ષણ નિષેધ કાયદાનો પણ કડકાઇથી અમલ થઇ રહ્યો છે. એક કે બે બાળકી પછી પરિવાર નિયોજનનો નિર્ણય લેનારનું સન્માન કરવામાં આવે છે. આ પગલાંને વ્યાપક બનાવવાની જરૂર છે. જ્યારે પ્રમાણ સુધરી રહ્યું છે, ત્યારે તમામ ક્ષેત્રે કન્યાઓ જે સિદ્ધિ હાંસલ કરે છે તે કુટુંબને કેવી રીતે મદદરૂપ થઇ શકે તે અંગે સમાજમાં ખાસ અભિયાન ચલાવવાની આવશ્યક્તા છે. આમ થશે તો જ કન્યા કે મહિલા પુરૂષ સમોવડી થશે. ‘બેટી બચાવો, બેટી પઢાઓ’ અભિયાનની જેમ ‘બેટીની આવશ્યક્તા સમજો’ અભિયાન હાથ ધરવું એ હવેના સમયની માંગ છે. ભારતમાં સ્ત્રી કેળવણી નિઃશુલ્ક છે એનો વ્યાપ આખા વિશ્વમાં ખાસ કરીને ગાઝા પટ્ટી અને વાયવ્ય એશિયાના દેશોમાં કરવાની જરૂર છે.

અનુસ્નાતકથી ઉચ્ચ શિક્ષણ માટે જેમ કન્યાને ભણવા માટે નહિવત્ ફી છે, એનો અમલ ખાનગી યુનિવર્સિટીઓ પણ કરે, તો ક્વોલિટી એન્ડ ક્વોલિટી એટલે કે તદ્દન સામાન્ય સ્થિતિની કન્યા પણ પરમોચ્ચ ઉપાધિ પ્રાપ્ત કરી શકે અને તે માટે ડિસ્ટન્સ એજ્યુકેશનની માત્ર મહિલાના શિક્ષણ માટેની સ્પેશિયલ ચેનલ્સ શરૂ કરવામાં આવે અને જે નારી આજે પણ ઘરમાં છે, ઘૂંઘટમાં છે તે પણ ભણશે તો તેના સંતાનોને પણ ભણાવશે અને ભણશે તો જ પોતાના અધિકારો વિશે જાણશે. ફરજની ગળથૂથી તેને મળી ચૂકી છે. પોતાના અધિકારો માટે ક્ષમતા હોવા છતાંય લડતી નારી આવનારાં ભવિષ્યમાં એકલી નહિ હોય. કારણ કે હવે તેની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે અને વધતી જશે. આજે ૨૧મી સદીમાં ઘરથી આંગણું, ત્યાંથી શેરી, ગામનું પાદર વટીને, સીમને સીંચીને જગતનાં વિવિધ ક્ષેત્રોમાં નારી તેનો ડંકો વગાડી રહી છે અને ભવિષ્યમાં નોકરી કે વ્યવસાયની જાહેરાતો ‘માત્ર સ્ત્રીઓ માટે અનામત’ એમ લખેલી પ્રસિદ્ધ થશે. ત્યારે પણ એ નારી પુત્ર, ભાઇ કે પિતાને પણ સાથે જ રાખશે કે જે પુરૂષે તેને ઘરમાં ગોંધી રાખી હતી. કેમ કે આખરે નારી માતા, બહેન, પુત્રી કે પત્ની છે, હતી અને રહેશે……